# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૫૩ તા.૩-૨-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૬-૮-૧૬ ના પત્રમાં જણાવ્યા મુજબ આંતરિક બદલી થયેલ શિક્ષક/ વિદ્યાસહાયકને છુટા ન કરવાની સુચના અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પરિપત્ર નં.૫૭ તા.૧૯-૮-૧૬ થી આપવામાં આવેલ હતી. આ સાથે સામેલ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રક્રમાંક :પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૧૦૪૨-૯૪ તા.૨-૨-૧૭માં જણાવ્યા મુજબ આંતરિક બદલીઓનાં થયેલા હુકમો અન્વયે શિક્ષક/વિદ્યાસહાયકોને બદલીવાળી જગ્યાએ હાજર થવા સારૂ છૂટા કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. તે મુજબ આંતરિક બદલીથી જનાર (તમામ માધ્યમ) શિક્ષકોને છૂટા કરતી વખતે તા.૨૩-૫-૧૨ના ઠરાવથી જોગવાઈ મુજબ શાળામાં ૧૦%થી વધુ ઘટ ન રહે તે ધ્યાને રાખી છુટા કરવાનાં રહે છે. જેની નોંધ લઈ મુખ્ય શિક્ષકશ્રીઓએ આંતરિક બદલી થયેલ શિક્ષકો/વિદ્યાસહાયકોને છુટા કરવા બાબતે બિનચૂક કાર્યવાહી કરવાની રહેશે.

તા.૩-૨-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૧૦૪૨-૯૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન, બ્લોકનં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તાઃ ૨/૨/૨૦૧૭

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ (તમામ)
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ.(તમામ)

**વિષયઃ**- જિલ્લાની આંતરીક બદલીઓ અન્વયે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકને છુટા કરવા બાબત.
**સંદર્ભઃ**- ૧. આ કચેરીના પત્રકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ બદલી/ક/૫૮૫૮-૯૭
તા.૧૬/૮/૨૦૧૬
૨. સરકારી વકીલશ્રી ગુજરાત હાઇકોર્ટના તા.૩૦-૧૨૦૧૭ ના પત્ર

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગેના નિયમો મુજબ જિલ્લાની ઓનલાઇન આંતરીક બદલીઓ કરવામાં આવેલ હતી. નામ.ગુજરાત હાઇકોર્ટમાં રજુ થયેલ સી.એ.(ફોર ઇન્ટરીમ રીલીફ) નં.૭૬૩૮/૨૦૧૬ માં નામ.હાઇકોર્ટના તા.૧૦-૮-૨૦૧૬ ના ઓરલ ઓર્ડર અન્વયે આ કચેરીના સંદર્ભ-૧ પત્રથી જિલ્લાની ઓનલાઇન આંતરીક બદલી થનાર કોઇ શિક્ષક/વિદ્યાસહાયકને છુટા ન કરવાની સુચનાઓ આપવામાં આવેલ હતી.

પ્રસ્તુત બાબતે નામ.હાઇકોર્ટમાં રજુ થયેલ સ્પે.સી.એ.નં.૭૬૩૮/૨૦૧૬ ઇન સ્પે.સી.એ.નં.૯૬૩૯/૨૦૧૬ વીથ સ્પે.સી.એ.નં.૧૨૦૫૧/૨૦૧૬ ઇન સ્પે.સી.એ.નં.૯૬૩૯/૨૦૧૬ માં નામ.હાઇકોર્ટના તા.૩૦-૧૧-૨૦૧૬ ના ચુકાદા તથા સરકારી વકીલશ્રી ગુજરાત હાઇકોર્ટના અભિપ્રાયને ધ્યાને લેતા અમદાવાદ તથા બોટાદ જિલ્લા સિવાયના તમામ જિલ્લામાં ઓનલાઇન આંતરીક બદલીઓના થયેલા હુકમો અન્વયે શિક્ષક/વિદ્યાસહાયકોને બદલીવાળી જગ્યાએ હાજર થવા સારુ છુટા કરવાની મંજુરી આપવામાં આવે છે. જિલ્લાની આંતરીક બદલીથી જનાર શિક્ષકને છુટા કરતી વખતે તા.૨૩-૫-૨૦૧૨ ના ઠરાવની જોગવાઇ મુજબ શાળામાં ૧૦ ટકાથી વધુ ઘટ ન રહે તે ધ્યાને રાખવાનું રહેશે. જિલ્લા કક્ષાએ વ્યકિતગત કિસ્સામાં નામ.કોર્ટના હુકમો ધ્યાને લઇ છુટા કરવા અંગેનો નિર્ણય કરવાનો રહેશે.

(એમ.આઇ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર